# Day to Day Current Affairs
## September – 2015

### ❖ ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૫ (સોમવાર)

### 1) ૧૪ સપ્ટેમ્બર, ૧૯૪૯ :–

- આઝાદ ભારતની પહેલી સરકાર એટલે કે કોન્સ્ટિટયૂશનલ એસેમ્બલીએ વર્ષ – ૧૯૪૯માં આજના દિવસે હિન્દીને ભારતની રાષ્ટ્રીય ભાષા જાહેર કરી હતી.
- વર્ષ – ૧૯૫૪માં સરકારે મોડર્ન હિન્દીનું વ્યાકરણ નક્કી કરવા માટે એક કમિટી બનાવી હતી.

### 2) સાર્વજનિક ગણેશોત્સવની શરૂઆત :–

- વર્ષ ૧૮૯૩માં આજના દિવસે આઝાદીના લડવૈયા બાળ ગંગાધર તિલકે દેશમાં સાર્વજનિક ગણેશોત્સવની શરૂઆત કરી હતી.
- તેમણે મહારાષ્ટ્રમાં ઘરે ઘરે થતી ગણપતિની પૂજાને અંગ્રેજો સામેની લડાઈમાં હથિયાર તરીકે ઉપયોગમાં લીધી હતી.

### 3) હેલિકોપ્ટરનું સફળ ઉડ્ડયન :–

- ૭૬ વર્ષ પહેલા આજના જ દિવસે રશિયામાં જન્મેલા અમેરિકન એરોનોટિકલ એન્જિનિયર ઈગોર સિકોર્સ્કીએ બનાવેલા હેલિકોપ્ટરે સફળતાપૂર્વક ઉડ્ડયન કર્યુ હતું.
- અગાઉ વર્ષ – ૧૯૦૭માં ફ્રાંન્સનાં એન્જિનિયર પોલ કોર્નૂએ આવું ઉડનારૂ મશીન શોધી કાઢયું હતું પરંતુ તેમાં ખામીઓ હતી.
- સિકોર્સ્કીનું મશીન આધુનિક હેલિકોપ્ટર જેવું જ હતું
- તેમણે ૧૨ વર્ષની ઉંમરે રબરબેન્ડની તાકાતથી ચાલનારું નાનું હેલિકોપ્ટર બનાવ્યું હતું.
- ત્યારબાદ જર્મની ગયા તો ત્યાં તેમણે રાઈટ બ્રધર્સ અને ફર્ડીનાડ વોન જેપ્લિનની કાબેલિયતને જોઈ. જેનાથી તેમને હેલિકોપ્ટર બનાવવાની પ્રેરણા મળી.
- હેલિકોપ્ટર શબ્દ ગ્રીક ભાષામાંથી આવ્યો છે. જેમાં હેલીનો અર્થ ચકરડી થાય છે. હેલિકોપ્ટરને ચોપર, કોપ્ટર, હેલી અને વ્હીલવર્ડ નામથી પણ ઓળખવામાં આવે છે.

### 4) યુ. એસ. ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ :–

- **વિમેન્સ ડબલ્સ :–**
  – વિજેતા :– સાનિયા મિર્ઝા – માર્ટિના હિંગીસ (સ્વિટ્ઝર્લેન્ડ)
  – રનર્સ અપ :– કેસી ડેલેક્કા (ઓસ્ટ્રેલિયા) અને યારોસ્લાવા (કઝાકિસ્તાન)
  – સાનિયા અને હિંગીસનો આ સતત બીજો ગ્રાન્ડ સ્લેમ છે.
  – બંનેએ ચાલુ વર્ષે વિમ્બલડન ગ્રાન્ડસ્લેમ પણ પોતાના નામે કર્યો હતો.
  – સાનિયાએ કારકિર્દીમાં પાચમો અને હિંગીસનો આ ૨૦ મો ગ્રાન્ડસ્લેમ છે.
- **વિમેન્સ સિંગલ્સ :–**
  – વિજેતા :– ફલેવિટા પેનેટ્ટા (ઈટાલી)
  – રનર્સ અપ :– રોબર્ટા વિન્ચી (ઈટાલી)
  – ફલેવિટા પેનેટ્ટાએ પોતાનો પ્રથમ સિંગલ્સ ગ્રાન્ડ સ્લેમ જીતવાની સાથે પ્રોફેસનલ ટેનિસમાંથી નિવૃત્તિ જાહેર કરી.
  – આ જિત સાથે તેણે વિશ્વની સૌથી મોટી વયે પ્રથમ ગ્રાન્ડ સ્લેમ જીતવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો.

### 5) ફલોઈડ મેવેધર :– અમેરિકન બોકસર

- અમેરિકાના ફલોઈડ મેવેધરે પોતાની અંતિમ ફાઈટને શાનથી જીતી લઈને પ્રોફેશનલ બોકિસંગને અલવિદા કરી.
- તેણે પોતાના ૪૯ માં મુકાબલામાં ભૂતપૂર્વ ચેમ્પિયન આન્દ્રેને હરાવ્યો હતો.
- તે ૧૯ વર્ષની પોતાની કારકિર્દીમાં ૧૮ વર્ષ વર્લ્ડ ચેમ્પિયન રહયો છે.
- તેનો રેકોર્ડ ૪૦ – ૦ નો રહયો છે. તેણે સતત ૪૯ ફાઈટમાં મેળવેલ છે.

### 6) 6 રેડ વર્લ્ડ સ્નૂકર :–

- વિજેતા :– થેપ્યેયા ઉન – નૂહ (થાઈલેન્ડ)
- રનર્સ અપ :– લિયાંગ વેનબાઓ (ચીન)

Vivekanand Academy, Gandhinagar